# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**
"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ૧૪/૧૧/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે.સેક્રેટરી )

---

# ચેમ્બરમાં એન.એસ.આઈ.સી. સુરત શાખાનું ઉદઘાટન તથા એમ.એસ.એમ.ઈ. મીટ યોજાઈ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના સંયુકત ઉપક્રમે નેશનલ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.ની સુરત બ્રાન્ચ ઓફિસનો ઉદઘાટન સમારંભ કેન્દ્ર સરકારના એમ.એસ.એમ.ઈ. ખાતાના રાજયકક્ષાના માનનિય મંત્રીશ્રી દિનશા જે. પટેલના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રના રાજયકક્ષાના આદિજાતી વિકાસ ખાતાના મંત્રી શ્રી ડૉ. તુષાર ચૌધરી અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહયા હતા. તેમજ એન.એસ.આઈ.સી ના ચેરમેન અને એમ.ડી. ડૉ એચ.પી.કુમાર, ઝોનલ જનરલ મેનેજર સેન્ટ્રલ શ્રી ઈરશાદ હુસૈન, ડે. જનરલ મેનજર શ્રી પી.કે. ઝા, પણ ઉપસ્થિત રહયા હતા.

માનનીય મંત્રી શ્રી દિનશા પટેલના વરદ હસ્તે એન.એસ.આઈ.સી ની સુરત શાખાનુ દિપ પ્રગટાવી ઉદઘાટન કર્યુ હતું. ચેમ્બરપ્રમુખશ્રી નિલેશ વી.માંડલેવાળાએ માનવંતા મહેમાનોનુ સ્વાગત કરતા જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ. વિશ્વના ઘણા રાષ્ટ્રોમાં લગભગ ૯૦% જેવા ઔદ્યોગિક સાહસોનું પ્રેરક બન્યુ છે અને તે રાષ્ટ્રોના યુવાધન તેમજ શ્રમીકો માટે સૌથી વધારે રોજગારીની તકો પુરી પાડે છે. ભારતમાં પણ એમ.એસ.એમ.ઈ. એ આર્થિક વિકાસમાં પોતાનો સિંહફાળો આપેલ છે. સુરતના એમ.એસ.એમ.ઈ. સેકટરે મંદીમા પણ ઉત્પાદન ઓછુ કર્યુ નથી અને મંદીના પડકાર સામે પોતાનુ અસ્તિત્વ જાળવી રાખ્યુ છે તેમજ ગુજરાત અને રાષ્ટ્રની પ્રગતિમાં પોતાનું યોગદાન આપ્યુ છે. આજે આ ક્ષેત્રને મદદની જરૂર છે. જેમાં વિશેષતઃ તેમને આવનાર કોમ્પીટીશન તેમજ કવોલીટી કન્ટ્રોલ માટે વિશેષ જાણકારી તેમજ પ્રોત્સાહન આપવુ જોઈએ. લઘુ ઉદ્યોગમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે તથા જે પ્રક્રિયામાં વધુ કિમંતના કેપીટલ ઈકવીપમેન્ટની જરૂર હોય તેવા સાધનો વસાવી શકાતા નથી. આવા એકમો માટે ભુતકાળમાં એસ.આઈ.એસ.આઈ. ની સેવા ઉપલબ્ધ હતી. આવા ટેકનીકલ સેન્ટરો

ફરીથી શરૂ કરવા જોઈએ. આઈ.ટી.આઈ. સાથે આવા સેન્ટરોને સાંકળી ઉદ્યોગ તથા શૈક્ષણિક સંસ્થા એમ બન્નેને લાભ થાય એવી વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે. ચેમ્બર ઓફ કોમર્સ આમા નોડલ એજન્સી તરીકે પોતાનુ યોગદાન આપવા તૈયાર છે. ટેકનોલોજી અપગ્રેડેશન ફંડ ની લીમીટ ૧ કરોડથી વધારીને ૫ કરોડ ની કરવામાં આવે તો આધુનિકરણની પ્રક્રિયાને વધુ સારો વેગ મળશે. લઘુ ઉદ્યોગોને આપવામાં આવતી લોન ઉપર વ્યાજનો દર ઓછો કરવો જરૂરી છે. નાના એકમોને કોલેટરલ સિકયોરીટીની જામીનગીરી આપ્યા સિવાય કેપીટલ ઈકવીપમેન્ટની લોન તથા વર્કિંગ કેપીટલની લોન મળી રહે તે માટે સરકારશ્રીએ અમલમાં મુકેલી સ્કિમનો બેંકો ધ્વારા એકમોને લાભ આપવામાં આવે તે અંગે યોગ્ય પગલા લેવા વિનંતી કરી હતી. માન્યવર પ્રાઈમ મિનિસ્ટર એમ્પ્લોયમેન્ટ જનરેશન પ્રોગ્રામની સ્કિમ સરળ બનાવવામાં આવે, ઉદ્યોગને ઉપલબ્ધ ગેસનો પુરવઠો એક સરખો અને વ્યાજબી દરે મળી રહે તે અંગે યોગ્ય વિચારણા કરવી, MSME ની રેટિંગ મુદત ૧ વર્ષથી વધારીને ૩ વર્ષ કરવી, સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીને ઈન્કમ ટેક્ષ માટે સ્પેશ્યલ સ્કિમ આપવી જોઈએ. તેમણે નાના અને મધ્યમ ઉદ્યોગ પ્રત્યે રજૂ કરેલ પ્રશ્નોનું હકારાત્મક પ્રતિભાવ મળશે તેવી માન્યવર મંત્રીશ્રી સમક્ષ અપેક્ષા વ્યકત કરી હતી.

એન.એસ.આઈ.સી. ના ઝોનલ જનરલ મેનેજર, સેન્ટ્રલ શ્રી ઈરશાદ હુસૈને જણાવ્યું હતું કે, ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ પછી સુરતમાં ઓફીસ શરૂ કરવામાં આવી છે. તેમાં અહીંના ઉદ્યોગકારોને જરૂરી સહકાર મળી રહેશે. લોકોને પુરતી માહિતી મળી રહે અને કોઈ તકલીફ સહન ન કરવી પડે તે બાબતે તેઓ પુરતી કાળજી રાખશે અને તે માટે તેઓ જરૂરી પુરતો સહકાર આપશે તેની ખાત્રી આપી હતી.

એન.એસ.આઈ.સી. ના ચેરમેન એન્ડ એમ.ડી. ડૉ. એચ.પી. કુમારે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે, સુરત અને તેમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતના લઘુ ઉદ્યોગ માટે એન.એસ.આઈ.સી. ની ઓફીસની અહીયા ખૂબજ આવશ્કયતા હતી અને તે આજ રોજ પુરી થાય છે. જેના કારણે અહીંના લઘુ અને મધ્યમ ઉદ્યોગો વિકાસના પથ ઉપર ઝડપથી આગળ વધી શકશે. તેમણે એન.એસ.આઈ.સી. ધ્વારા ઓછા દરે શરૂ કરવામાં આવેલ બીઝનેસ પોર્ટલની માહિતી આપી હતી અને તેનો વધુને વધુ લાભ લેવા તેમને ઉદ્યોગકારોને અપીલ કરી હતી. ઉપરાંત વિદેશોમાં જ્યાં પ્રદર્શનો થાય છે ત્યા અહીંના ઉદ્યોગકારો ઉદ્યોગના વિકાસ માટે વન ટુ વન મીટ તેમજ પ્રદર્શનમાં ભાગ લઈ શકે તે માટે એન.એસ.આઈ.સી.ની સ્કિમની માહિતી આપી હતી અને તે માટે તેમને ચેમ્બર કે એસોસીએશન કોઈ ગ્રુપ બનાવીને આવી યોજનાનો લાભ મેળવી શકે એમ જણાવ્યુ ંહતુ. અહીંના લોકોને તેઓ વધુ સારી સવલત પુરી પાડી શકે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે.

ભારત સરકારના, રાજય કક્ષાના, આદીજાતી વિકાસ કલ્યાણ ખાતાના માનનીય મંત્રી ડૉ. તુષારભાઈ ચૌધરીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, નાના અને મધ્યમ ઉદ્યોગોનું આર્થિક વિકાસમાં ખૂબજ મોટુ યોગદાન રહયુ છે. નાના ઉદ્યોગોને ટકાવી રાખવા શુ કરવુ જોઈએ તે માટે તેઓ તેમજ તેમનુ મંત્રાલય પણ સતત પ્રયત્નશીલ છે તેમ જણાવ્યું હતુ. તેમના મંત્રાલય ધ્વારા વોકેશનલ ટ્રેનીંગ પ્રોગ્રામ ધ્વારા આદીવાસી બેરોજગાર યુવાનોને ટ્રેનીંગ આપીને રોજગારી તરફ વાળવા જો ઉદ્યોગકાર કોઈ પ્રોજેકટની તૈયારી કરે તો તેમનુ મંત્રલાય આ અંગે પુરતી મદદ કરશે એમ જણાવ્યું હતુ.

ભારત સરકારના, રાજય કક્ષાના, માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝ, ખાતાના માનનીય મંત્રી શ્રી દિનશાભાઈ પટેલે પોતાના વકતવ્યમાં જણાવ્યુ હતું કે, ભારતના વિકાસદરમાં એમ.એસ.એમ.ઈ નો મહત્વનો ફાળો રહયો છે. વૈશ્વિક મંદી હોવા છતા ભારતના લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોએ ભારતનો વિકાસદર જાળવી રાખવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. એન.એસ.આઈ.સી. ની ઓફીસ અમદાવાદ અને રાજકોટમાં છે પણ દક્ષિણ ગુજરાતના વેપાર અને ઉદ્યોગને કોઈપણ જાણકારી માટે અમદાવાદ સુધી જવુ પડતુ હતુ તેને બદલે અહી પુરતી માહિતી મળી રહે તે માટે અહી આ સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે અને તેનો લાભ અહીંના ઉદ્યોગકારોને જરૂરથી મળી રહેશે. તેમણે પ્રધાનમંત્રીના રોજગાર સૃજન કાર્યક્રમ (પી.એમ.ઈ.જી.પી.) ની માહિતી આપી હતી અને તેમાં પડતી મુશ્કેલીઓના સરળીકરણ અંગે તેઓ હકારત્મક વલણ અપનાવશે તેમ જણાવ્યું હતું. વડાપ્રધાન ધ્વારા એમ.એસ.એમ.ઈ. ના વિકાસ અને ઉત્થાન માટે બનાવવામાં આવેલ કમિટિની માહિતી આપી હતી. તેઓ બેંક ક્રેડીટ ઈશ્યુનો પ્રશ્ન પણ હળવા કરવા અંગે વિચારશે તેમ જણાવ્યુ હતું. સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ મહિલાઓને મળતી વિવિધ સવલતો હેઠળની યોજનાઓની માહિતી આપી હતી. ભારતમાં કાર્યકુશળતા છે પણ તેને યોગ્યરીતે તાલીમ મળે તો અહીંના ઉદ્યોગો આજે આગળ જઈ શકે તેમ જણાવ્યું હતુ.આ માટે તેમના તરફથી હરહંમેશ પુરતો સાથ સહકાર મળી રહેશે તેમ પ્રમુખશ્રીને તેઓએ જણાવ્યું હતુ.

અંતમાં એન.એસ.આઈ.સી ના ઝોનલ જનરલ મેનેજર, સેન્ટ્રલ શ્રી ઈરશાદ હૂસૈને આભારવિધી કરી હતી.